૪૪૪

**"ઈન્ટરનેશનલ યુથ ડે"** નિમિત્તે તા.૧૧/૦૮/૧૭નાં રોજ પ્રતિબંધિત પ્લાસ્ટીક ઝુંબેશ તથા કોલેજમાં ઓર્ગેનિક વેસ્ટનો વર્કશોપ/સેગ્રીગેશન એટ સોર્સની જાણકારી આપવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓગષ્ટ ૨૦૧૭ની તા.૧૨/૦૮/૧૭નાં રોજ **"ઈન્ટરનેશનલ યુથ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૧/૦૮/૧૭નાં રોજ પ્રતિબંધિત પ્લાસ્ટીક ઝુંબેશ તથા કોલેજમાં ઓર્ગેનિક વેસ્ટનો વર્કશોપ/સેગ્રીગેશન એટ સોર્સની જાણકારી આપવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૧/૦૮/૧૭નાં રોજ મહાનગરપાલિકાનાં તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓની ટીમ બનાવી આ ટીમ દ્વારા ઝોનમાં આવેલ કોલેજ કેમ્પસની મિલકતોની અંદર તેમજ બહારનાં ભાગે આવેલ સ્ટોલ, લારી ગલ્લા, સંસ્થા વિગેરેમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનાં વપરાશ બાબતે ઘનિષ્ઠ ચેકીંગ હાથ ધરી ચેક કરેલ સંસ્થામાંથી પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કર્યા બાદ તેઓને નોટીસ તથા વહીવટી ચાર્જ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. ત્યારબાદ કોલેજ કેમ્પસનાં વિધાર્થીઓ તથા અન્ય સ્ટાફને એકત્રિત કરી તેઓને સેગ્રીગ્રેશન એટ સોર્સ બાબતે સુકા/ભીના કચરાનાં વર્ગીકરણ અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપ્યા બાદ કોલેજ કેમ્પસમાં મુકવામાં આવેલ ઓર્ગેનિક વેસ્ટ કન્વેન્ટર મશીન દ્વારા ભીના કચરામાંથી ખાતર બનાવવા અંગેની વિસ્તૃત જાણકારી અને સમજ આપી ઉપસ્થિત રહેલ વિધાર્થીઓને સુકા/ભીના કચરાને અલગ–અલગ ડસ્ટબીનમાં રાખવા માટે પેમ્પલેટની વહેચવા કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| કોલેજોની સંખ્યા | ઓર્ગેનિક વેસ્ટનો વર્કશોપ / સેગ્રીગેશન એટ સોર્સની જાણકારી | ચેક કરેલ સંસ્થા | સુપરવાઈઝર | પેમ્પલેટ વિતરણ | ઈસમ | વહીવટી ચાર્જ | જપ્ત કરેલ પ્લાસ્ટીક(કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨૮૦ | ૧૪૭ | ૩૭ | ૯૫ | ૨૩૦ | ૪૪,૪૦૦ | ૫૬.૬૫૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

**"ઈન્ટરનેશનલ યુથ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૨/૦૮/૧૭નાં રોજ ડ્રાય ડે. કોલેજનાં વિધાર્થીઓ/N.S.S./N.C.C. નાં કેડેટો દ્વારા સ્લમ વિસ્તારમાં પોરા નાશકની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૨/૦૮/૧૭નાં રોજ **"ઈન્ટરનેશનલ યુથ ડે"** નિમિતે તા.૧૨/૦૮/૧૭નાં રોજ મેલેરીયા અને ડેન્ગ્યુનાં પોઝીટીવ કેસ જે પોકેટમાંથી મળતા હોય ત્યાં ડ્રાય ડેની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૨/૦૮/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોન વિસ્તારમાં આવેલ વી.બી.ડી.સી./ આરોગ્યનો સ્ટાફ, કોલેજનાં વિધાર્થીઓ, N.S.S., N.C.C. કેડેટ તેમજ NGOનાં પ્રતિનિધિઓની સંયુકત ટીમો બનાવી મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટીસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૭,૨૧૬ | ૮૬,૭૪૬ | ૫૯૩ | ૫૭૩૭ | ૧૦૪૨ | ૨૮૩૯ | ૧૪૫ | ૫૮,૬૫૦ | ૧૦૩ | ૩૦,૩૧૧ | ૧૪,૫૨૫ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરનાં ઉત્પત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

## સુરત મહાનગપાલિકા આયોજીત મહિલા યોગ શિબિર

સુરત મહાનગરપાલિકા દ્વારા મહિલા અને બાળવિકાસ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર દ્વારા મહિલા સશકિત કરણના પખવાડિક કાર્યક્રમ ''મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ'' અંતર્ગત તા.૧૪/૦૮/૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૭.૦૦ કલાકે વરાછા ઝોન : સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ટી.પી.૧૫ ફૂલપાડા એફ.પી.૧૦૫ ''જળ ક્રાંતિ મેદાન'', શ્રેયસ હાઈસ્કુલની સામે, ધરતીનગર રોડ, એ.કે. રોડ, વરાછા, સુરત ખાતે મહિલા યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. યોગ એટલે જોડાવું. યોગના અભ્યાસથી વ્યકિતનું શરીર સ્વસ્થ અને નિરોગી, બુદ્ધિ તેજ બને છે. વ્યકિતનું આયુષ્ય વધે છે. ભારત સરકાર દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૭ના રોજ ''વિશ્વ યોગ દિન''ની રાષ્ટ્રવ્યાપી ઉજવણી સાથે ભારતીય સંસ્કૃતિના એક અંગ યોગની વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે અને મહિલાઓ રોજીંદા જીવનમાં અપનાવી સ્વસ્થ અને નિરોગી બને તેવા શુભ આશયથી યોજાયેલ આ મહિલા યોગ શિબિરના પ્રારંભમાં મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતું કે, રાજય સરકારે શ્રેણીબદ્ધ યોજનાઓ દ્વારા પરિણામલક્ષી કદમ ઉઠાવ્યા છે જેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. ત્યાર બાદ યોગ પ્રશિક્ષિકાના નિદર્શન સાથે તાડાસન, વૃક્ષાસન, વનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેના ફાયદાઓની સમજ સાથે યોગાસનો કર્યા હતા. આ 'મહિલા યોગ શિબિર' કાર્યક્રમમાં સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના મહિલા મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, શહેરના વિવિધ મહિલા સંગઠનો–મંડળો, વિવેકાનંદ મહિલા મંડળોની મહિલાઓ, આંગણવાડી વર્કર, આશા વર્કર, શિક્ષિકાઓ તથા વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં શિસ્તબધ્ધ રીતે યોગ શિબિરનો લાભ લીધો હતો. તમામ માટે લીંબુપાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

 

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૦૮/૨૦૧૭ના રોજ મહિલા સશક્તિકરણ પખવાડિયા ઉજવણી કાર્યક્રમ અન્વયે "મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ" અંતર્ગત "મહિલા યોગ શિબિર"નું આયોજન તા.૧૪/૦૮/૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૮.૦૦ કલાકે [illegible] ઝોન : [illegible] "જય હિંદ [illegible]", કેશવ હાઇટ્સની સામે, એ.કે. રોડ, વરાછા, સુરત ખાતે દિપ પ્રાગટ્ય કરતા મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષશ્રીમતી [illegible] શાહ, અધિકારીશ્રીઓ તથા યોગ કરતી મહિલાઓ [illegible] છે

# પ્રેસનોટ

## સેન્ટ્રલઝોન વીબીડીસી વિભાગ દ્વારા સ્વાઈન ફલુ રોગની અટકાયત માટે લોકભાગીદારીથી ઉકાળો વિતરણ તથા આરોગ્યલક્ષી શિક્ષણ ઝુંબેશ

હાલમાં સ્વાઈન ફલુ દેશમાં રોગનું પ્રમાણ વધવાને કારણે સ્વાઈન ફલુ અટકાયત માટે ઉકાળા વિતરણ તથા આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવી રહયુ છે. જેના અનુસંધાને સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન,વીબીડીસી વિભાગ દ્વારા તા.૧૨/૦૮/૨૦૧૭નાં રોજ (૧) પ્રકાશભાઈ જી.માળી, મા–કૃપા ડાઈનીંગ હોલ,થોભાશેરી,મહિધરપુરા દ્વારા ઉકાળા વિતરણ કીટ સ્પોન્સર કરવામાં આવેલ હોય સદર વિસ્તારમાં મા–કૃપા રેસ્ટોરન્ટ, મહિધરપુરા ખાતે (૨) ઓમ કનસ્ટ્રકશન,મુકેશભાઈ એમ.પટેલ,નાનપુરા દ્વારા ઉકાળા વિતરણ કીટ સ્પોન્સર કરવામાં આવેલ હોય સદર વિસ્તારમાં દેના બેંક,મક્કાઈપુલ સર્કલ પાસે નાનપુરા ખાતે (૩) અફઝલભાઈ આર.મોતીવાલા,હાથીવાલા ગૃપ,મોટી ટોકીઝની બાજુમાં બેગમપુરા દ્વારા ઉકાળા વિતરણ કીટ સ્પોન્સર કરવામાં આવેલ હોય સદર વિસ્તારમાં ઝાલાવાડ ટેકરો,બેગમપુરા,સુરજ ટોકીઝ મેઈનરોડ ખાતે તેમજ આજ તા.૧૪/૦૮/૨૦૧૭નાં રોજ આર.કે.ટી.માર્કેટ સોસાયટી,વેપારી ગણ તથા સફાઈ કોન્ટ્રાકટર દ્વારા ઉકાળા વિતરણ કીટ સ્પોન્સર કરવામાં આવેલ હોય સદર વિસ્તારમાં આર.કે.ટી.માર્કેટ , રીંગરોડ ખાતે જાહેર જનતા માટે વિનામુલ્યે ઉકાળા વિતરણ રાખવામાં આવેલ જેનો લાભ કુલ–૧૬૭૩૭ વ્યકિતઓએ લીધેલ હતો. સદર ઉકાળા વિતરણ સમારંભમાં ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી,ડેપ્યુટી મેયરશ્રી શંકરભાઈ ચેવલી તથા જે–તે ઈલેકશન વોર્ડના મ્યુ.સભ્યો શ્રીમતિ નેન્શીબેન સુમરા, શ્રીમતિ આરતીબેન પટેલ, શ્રી પ્રવિણભાઈ કહાર, શ્રી રાકેશભાઈ માળી, શ્રીમતિ દક્ષાબેન જરીવાલા, શ્રી પિયુષભાઈ શીવશકિતવાળા તેમજ મીડીયા કર્મીઓ હાજર રહયા હતા.

સદર કાર્યક્રમનું સંચાલન સેન્ટ્રલઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.એમ.એન.પટેલનાં સીધા માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલઝોનના આસી.જંતુનાશક અધિકારીશ્રી જે.આર.પરમારે કર્યુ હતું અને હાજર રહેલ મહાનુભાવો તથા ઉકાળા કીટ સ્પોન્સર કરનાર સર્વેનો આભાર માન્યો હતો.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વાઈનફલુ તેમજ ડેન્ગ્યુ રોગ નિયંત્રણ માટે ઝુંબેશ અંગેની પ્રેસનોટ

સ્વાઈન ફલુ અને ડેન્ગ્યુ રોગ નાં નિયંત્રણ માટે દરેક ઝોનમાં ત્રણ દિવસમાં દરેક ઘરોમાં હાઉસ ટુ હાઉસ સર્વે કરી શરદી, ખાંસી સાથે તાવ વાળા દર્દીઓને તાત્કાલિક ધોરણે નજીકનાં આરોગ્ય કેન્દ્ર ખાતે રીફર કરવા તેમનાં લોહીનાં નમૂના એકત્ર કરી તપાસ કરવા તથા તમામ ઘરોમાં જયાં પણ પાણીનો સંગ્રહ જોવા મળે તેવા તમામ પાત્રોમાં મચ્છરોની ઉત્પતિ રોકવા કેરોસીન કે જંતુનાશક દવા ટેમીફોસ ટ્રીટમેન્ટ આપી મચ્છરોનાં નિયંત્રણ માટે એક મહા ઝુંબેશ હાથ ધરવા મ્યુનિસીપલ કમિશ્નરશ્રી ની સુચનાથી દરેક ઝોનમાં કાર્યવાહી કરવામાં આવી રહી છે.

કમિશ્નરશ્રી દ્વારા એવી પણ સુચના આપવામાં આવી છે. કે જે સોસાયટી માં સફાઈ માટે મહાનગરપાલિકા દ્વારા અનુદાન આપવામાં આવી રહયુ છે. તે તમામ સોસાયટીમાં સફાઈ માટે રોકવામાં આવેલા કર્મચારી/કામદારો સફાઈની સાથે સાથે મચ્છરોનાં નિયંત્રણ માટે પણ કામગીરી કરે તે માટે જરૂરી ટ્રેનિંગ આપવા દરેક ઝોનને જાણ કરવામાં આવી છે. આ કર્મચારીઓ સોસાયટીનાં કોમન પ્લોટ, વાડીઓ રહેણાંક મકાનોનાં ધાબાઓ વગેરે પણ પડી રહેલો નકામો ભંગાર કે જેમાં વરસાદનું પાણી સંગ્રહ થવાથી મચ્છરો ઉત્પતિ થઈ શકે તેમ હોય તેવા તમામ પાત્રોનો નિકાલ કરવાં જેવી કાર્યવાહી તેમને સોંપવામાં આવશે. આ માટે જે તે સોસાયટીનાં પ્રમુખોનો સંપર્ક કરી તેઓને પણ આ બાબતે ટ્રેઈન કરવા જણાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત આશા વર્કરોની પણ આ પ્રકારની કામગીરી માટે ટ્રેઈનિંગ આપવામાં આવશે. આશા વર્કરો પોતાનાં વિસ્તારમાં,ફેમીલી પ્લાનીંગ,રસીકરણ ઉપરાંત મચ્છરનાં નિયંત્રણ માટે હાઉસ ટુ હાઉસ સર્વે, લોહીનાં નમુનાનું એકત્રિકરણ તેમજ દર્દીઓને સંપુણ સારવાર આપવાની કામગીરી કરશે અને રાજય સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ આ કામગીરી માટે તેમને અલગથી ભથ્થું પણ ચુકવવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

**: પ્રેસનોટ ::**

**સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા**

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર છેલ્લા ૪૪ વર્ષથી યોજવામાં આવે છે. આ વર્ષે યોજાનાર ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની ૨૧ નાટ્ય સંસ્થાઓએ ભાગ લેવા માટે પ્રવેશપત્રો ભર્યા હતા. નાટ્ય સ્પર્ધામાં ભજવણીના ક્રમ નકકી કરવા માટે તા.૧૭/૦૭/૨૦૧૭ના રોજ નાટ્ય સંસ્થાઓની મીટીંગ યોજવામાં આવી હતી. જે ભજવણીના ક્રમની જાણ લેવા અને ભાગ લેનાર નાટ્ય સંસ્થાઓ તરફથી મળેલ રજુઆત તથા નાટ્ય સ્પર્ધાની ફાઈનલ ભજવણીની તારીખ, સ્થળ તથા અન્ય નિતિ વિષયક નિર્ણયો લેવા માટે તા.૦૧/૦૮/૨૦૧૭ના રોજ માન.મેયરશ્રીની અધ્યક્ષતામાં નિર્ણાયક કમિટિની મીંટીંગ મળી હતી. જેમાં ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા તા.૦૭/૦૯/૨૦૧૭ થી તા. ૧૬/૦૯/૨૦૧૭ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે યોજવાનું નકકી કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા આયોજીત આ નાટ્ય સ્પર્ધામાં વધુને વધુ ઉત્કૃષ્ઠ નાટકો ભજવાય તે હેતુસર ભાગ લેનાર નાટ્ય સંસ્થાઓના નાટકની સ્ક્રુટિની યોજવામાં આવે છે. જે અંતર્ગત ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં કુલ–૨૧ નાટ્ય સંસ્થાઓ પ્રવેશ ફોર્મ ભરતાં તેઓમાંથી એક નાટ્ય સંસ્થા સ્ક્રુટિની માં ગેરહાજર રહેતા બાકીની ૨૦ નાટ્ય સંસ્થાઓના નાટકની સ્કુટિની તા.૧૧/૦૮/૨૦૧૭ થી તા.૧૩/૦૮/૨૦૧૭ સુધી પરફોર્મીંગ આર્ટ સેન્ટરના ઓડિટોરિયમમાં યોજાવામાં આવી હતી. ડો.ભાનુપ્રસાદ આર. ઉપાધ્યાય– વડોદરા, પ્રા.હરીશભાઈ વ્યાસ–વડોદરા અને શ્રી પિયુષભાઈ ભટ્ટ–નવસારીએ સેવા આપી હતી.સ્ક્રુટિનીમાં રજુ થયેલ ૨૦ નાટકો પૈકી નીચે જણાવેલ ૧૦ નાટકોની પસંદગી નિર્ણાયકશ્રીઓએ ફાયનલ ભજવણી માટે કરેલ છે.

| ક્રમ | સંસ્થાનું નામ | નાટકનું નામ |
|---|---|---|
| ૧ | પી. પી. એન્ડ ગૃપ | બુલેટ પ્રુફ |
| ૨ | પ. ૨. મ | મસ્તરામ |
| ૩ | એક્ષપ્રેસન ગૃપ | બલી અને શંભુ |
| ૪ | ફોરમ આર્ટસ | અનન્યા |
| ૫ | અભિનવ | ખેલ ખેલમાં "અગનખેલ" |
| ૬ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | બંધ હોઠોની વાત |
| ૭ | બેકસ્ટેજ પ્રોડકશન, સુરત | ONLINE છું કારણ કે OUTLINE છું |
| ૮ | સીલ્યુએટ થીએટર્સ | સાત સમંદર સહુની અંદર |
| ૯ | ખયાલ થિયેટર | 'એ' નથી |
| ૧૦ | બી. આર. પ્રોડકશનસ | જીવવું તો જલસાથી |

સ્કુટિની રાઉન્ડમાં પસંદગી પામેલ ૧૦ નાટકોની સ્પર્ધા તા.૦૭/૦૯/૨૦૧૭ થી તા.૧૬ /૦૯/૨૦૧૭ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે યોજવામાં આવશે.

**સુરત મહાનગરપાલિકા**
**માર્કેટ વિભાગ (જાહેર આરોગ્ય ખાતુ)**

# <u>પ્રેસનોટ</u>

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૧/૦૩/૨૦૦૮ ના ચુકાદા, સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૪૭/૨૦૦૮ તા.૨૬/૦૬/૨૦૦૮ થી વિદિત થઇ, જૈન પર્યુષણ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામપશુ વધશાળા / કતલખાનાઓ તા.૧૮/૦૮/૨૦૧૭ થી તા.૨૬/૦૮/૨૦૧૭ સુધી તેમજ દિગંબર જૈન સંવત્સરી/ અનંત ચતુદર્શી નિમિત્તે તા.૦૫/૦૯/૨૦૧૭ ના રોજ બંધ રહેશે. જેની નોંધ આ ધંધા સાથે સંકળાયેલ તમામ ઇસમોએ લેવી.

## :: પ્રેસનોટ ::

## "સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૭ની ઉજવણી"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૭ની વરાછા ઝોન વિસ્તારમાં દબદબાભેર ઉજવણી

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વોની ઉજવણી પ્રતિવર્ષ અલગ અલગ ઝોન વિસ્તારમાં કરવામાં આવે છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા ૭૧માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી તા.૧૫/૦૮/૨૦૧૭ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે વરાછા ઝોન : સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ટી.પી.૧૫ ફૂલપાડા એફ.પી.૧૦૫ "જળ ક્રાંતિ મેદાન", એ.કે. રોડ, વરાછા, સુરત ખાતે ધામધૂમથી કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય પર્વની ખુશનુમા પ્રભાતે વરાછા ઝોન વિસ્તારમાં આવેલ શાળાના વિદ્યાર્થીઓની બેનરો, ટેબ્લોઝ અને સુત્રોચ્ચાર સાથેની પ્રભાતફેરી ૧૩૬/૧૪૩ નગર પ્રાથમિક શાળાથી શરૂ કરી રૂપમ સોસાયટીની વાડી થઈ   સરિતા દર્શન થઈ ભકિતનગર સોસા., મેઈન રોડ થઈ ધ્વજવંદન સ્થળે રેલી આકારે આવી ધ્વજવંદન કાર્યક્રમમાં જોડાયા હતા. સ્વાતંત્ર્ય દિવસની સુવર્ણમયી સવારે માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયાએ વરાછા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના જવાનોની પરેડ સાથે રાષ્ટ્રની આન, બાન અને શાન સમા ત્રિરંગાને રાષ્ટ્રગીતની ધુન વચ્ચે લહેરાવી સન્માનપૂર્વક સલામી આપી હતી. જોએસ ઈંગ્લીશ મીડી.સ્કૂલના બાળકોએ બેન્ડ સાથે માર્ચ પાસ્ટ કરી હતી. મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ પ્રસંગોચિત્ત ઉદ્દબોધનમાં પ્રારંભે સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા પાઠવી દેશની આઝાદી માટે શહીદ થયેલ વીરજવાનોને યાદ કરતાં કહ્યું હતું કે માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૨૫ કરોડ ભારતીયોની એકતા, સાદગી અને ભાઈચારાને ભારતની શકિત ગણાવી છે. તેમની આગેવાની હેઠળ ભારત સરકારની 'સ્વચ્છ ભારત'ની ઝુંબેશને અનન્ય ગણાવી આંગણાની જ ગંદકી નહી પણ તમામ કાર્યક્ષેત્રોની ગંદકી સામે સ્વચ્છ અને પારદર્શી વહીવટનો એક ઉજળો યુગ શરૂ કર્યો છે અને આગામી પાંચ વર્ષમાં 'નૂતન ભારત'નું સપનું આંજયું છે. તથા તાજેતરમાં બનાસકાંઠામાં આવેલ વિનાશક પુરને કારણે ધાનેરા શહેરની સાફ સફાઈ તેમજ અન્ય કામગીરી કરાવવામાં આગવી કુનેહ, કુશળતા તથા સફળ નેતૃત્વ દાખવી પોતાની આરોગ્ય અને એન્જીનીયરીંગ વિભાગની ટીમને પ્રોત્સાહન પુરૂં પાડી ધાનેરા શહેરને ખુબ જ ટુંકા સમયમાં પૂર્વવત કરનાર મ્યુનિ.કમિશનરશ્રી એમ.થેન્નારસન,આઈ.એ.એસ.ને અભિનંદન પાઠવી સન્માન કરવામાં આવ્યુ હતું.

બાદમાં ત્રિરંગી ફુગ્ગાઓને ઉપસ્થિત જનમેદનીના હર્ષોલ્લાસ સાથે ગગનમાં વિહરતા કર્યા હતા. સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૭ ઉજવણી અંતર્ગત યોજાયેલ વેશભૂષા અને દેશભકિત ગીત સ્પર્ધાઓના વિજેતાઓને ટ્રોફી અને વિજેતા પ્રમાણપત્ર,  ધાનેરા ખાતે ભારે વરસાદને કારણે ઉપસ્થિત થયેલ પુરની વિષમ પરિસ્થિતિ દરમ્યાન પ્રશંસનીય કામગીરી કરવા બદલ આરોગ્ય ની ટીમ અને એન્જીનીયરીંગ ની ટીમ તથા વર્ષ દરમ્યાન પ્રશંસનીય કામગીરી કરનાર સુરત મહાનગરપાલિકાના ઝોન તથા વિવિધ ખાતાઓની ૭ ટીમોને,  અધિકારી / કર્મચારીઓ દ્વારા કરેલ વિશિષ્ટ કામગીરી માટે ૬૪ અધિકારી/કર્મચારીઓને શીલ્ડ સહ અને પ્રશંસાપત્ર, સુ.મ.પા.ના કર્મચારીઓના ધો.૧૦ અને ૧૨માં પ્રથમ પ્રયત્ને વધુ ગુણ મેળવનાર ૪ બાળકોને માન.મેયરશ્રીના અને મ્યુનિ.કમિશનરશ્રી એમ.થેન્નારસન,આઈ.એ.એસ ના વરદહસ્તે રોકડ ઈનામ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સ્વાતંત્ર્ય પર્વના ધ્વજવંદન બાદ જનભાગીદારીથી દેશભકિત પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત એન. બી. દિવેટીયા ન.પ્રા.શાળા ક્રમાંક : ૮ના વિદ્યાર્થીઓના સ્વાગત ગીતથી થઈ હતી. (૧)સદ્દભાવના વિદ્યાલય : દેશ રંગીલા.. (૨)પી. પી. સવાણી વિદ્યાભવન : વંદે માતરમ્.. (૩) ધારૂકાવાલા કોલેજ : મેરે દેશમે ચલે પવન પૂર્વા.. (૪) સપ્તધ્વનિ કલાવૃંદ : મેરા રંગ દે બસંતી ચોલા.. અને  મેરે દેશકી ધરતી... ગીત પર કૃતિ રજુ કરી રંગ જમાવી આઝાદીના પર્વનો જોશ ભર્યો હતો. અંતમાં શ્રી ઈશ્વર પેટલીકર ન.પ્રા.શાળા ક્રમાંક : ૧૬એ સપ્તરંગી ગુજરાત મારૂ... ગીત રજુ કરી આ ગીતમાં તમામ બાળકલાકારો જોડાતાં દેશભકિતનો એક અનેરો નઝારો ખડો કર્યો હતો. વરાછા ઝોન વિસ્તારની ખાનગી તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિદ્યાર્થીઓએ રજુ કરેલ દેશભકિત અને લોકસંસ્કૃતિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યકમોને શહેરીજનોએ મન ભરીને માંણ્યો હતો.

આઝાદી પર્વના ધ્વજવંદન સ્થળે સુરત મહાનગરપાલિકા દ્વારા સદર સ્થળે સવારે ૯.૦૦ કલાકથી બપોરે ૧.૦૦ કલાક દરમ્યાન યોજાયેલ મફત રોગ નિદાન હેલ્થ કેમ્પનો બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. આ પ્રસંગે રાત્રે વરાછા ઝોન વિસ્તારમાં આવેલ વરાછા ઝોન વહીવટી ભવન, આરોગ્યની વોર્ડ ઓફિસો, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, ટ્રાફિક સર્કલો, રોડ ડિવાઈડરોને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવી હતી.

રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ(બગદાણાવાળા), ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ.થેન્નારસન,આઈ.એ.એસ., શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, વિરોધ પક્ષના નેતાશ્રી પ્રફુલ્લભાઈ તોગડિયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાના પ્રતિનિધિશ્રીઓ, શિક્ષકશ્રીઓ, શાળાના વિદ્યાર્થીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.





સ્વાતંત્ર્યદિન : ૧૫ ઓગષ્ટ ૨૦૧૭ની ઉજવણી સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ,"જળ ક્રાંતિ મેદાન", એ.કે. રોડ, વરાછા, સુરત ખાતે રાષ્ટ્ર ધ્વજને સલામી આપતા મા.મેયરશ્રી અસ્મિતાબેન શિરોયા અને મ્યુ.કમિશ્નરશ્રી એમ. થેન્નારસન, દેશભકિત ગીત સ્પર્ધાનુ સન્માન સ્વીકારતા સ્કુલના બાળકો, સન્માન સ્વીકારતા અધિકારીઓ /કર્મચારીઓ,સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રસંગે દેશભકિત પર આધારિત કૃતિ રજૂ કરતા બાળકો દ્રશ્યમાન છે

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોનવિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭થી ૨૦૧૬દરમ્યાન કુલ ૧૩૬ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૭ માં ૬(છ)મેડીકલ કેમ્પ મળી કુલ ૧૪૨ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.જેમાં જાહેરજનતા તરફથી સારોએવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૭નો સાતમો મેડીકલ કેમ્પતા.૧૯/૦૮/૨૦૧૭ ને શનિવારનાં રોજ **કડીવાલા શહેરી આરોગ્ય કેન્દ્ર રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ સામે મહાલક્ષ્મી મંદિર પાસે, રૂસ્તમપુરા સુરત.**ખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગોદ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારાઆરોગ્ય શિક્ષણતેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

**"ઈન્ટરનેશનલ યુથ ડે"** નિમિત્તે તા.૧૪/૦૮/૧૭નાં રોજ ઈન્ટરનેશનલ યુથ ડે નિમિત્તે સલમ વિસ્તારમાં યુવા સ્વયંસેવકો, નાગરિકો અને ઝુંપડાવાસીઓને ઘન કચરાનાં નિકાલની વ્યવસ્થા સમજાવી તેમજ શપથવિધી કરાવવા તેમજ સ્લમ વિસ્તારની સફાઈ ઝુંબેશ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
### પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને-૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત કરવામાં આવનાર છે.

માહે ઓગષ્ટ ૨૦૧૭ની તા.૧૨/૦૮/૧૭નાં રોજ **"ઈન્ટરનેશનલ યુથ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૪/૦૮/૧૭નાં રોજ ઈનટરનેશનલ યુથ ડે નિમિત્તે સલમ વિસ્તારમાં યુવા સ્વયંસેવકો, નાગરિકો અને ઝુંપડાવાસીઓને ઘન કચરાનાં નિકાલની વ્યવસ્થા સમજાવી તેમજ શપથવિધી કરાવવા તેમજ સ્લમ વિસ્તારની સફાઈ ઝુંબેશ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૪/૦૮/૧૭નાં રોજ મહાનગરપાલિકાનાં તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા કર્મચારી/સફાઈ કામદાર તેમજ સ્લમ વિસ્તારમાં યુવા સ્વયંસેવકો, નાગરીકો અને ઝુંપડાવાસીઓની ટીમ બનાવી અગાઉથી નક્કી કરેલ સ્લમ વિસ્તારોમાં આ ટીમ દ્વારા સ્લમ વિસ્તારમાં રહેતા ઝુંપડાવાસીઓને એકત્રિત કરી તેઓનાં ઘરોમાંથી નીકળતો ઘન કચરાનાં નિકાલની વ્યવસ્થા માટે પ્રથમ સુકા/ભીના ઘન કચરાનાં વર્ગીકરણ અંગેની પ્રક્રિયાની સમજ તથા તેનાં ફાયદા વિષે આરોગ્યલક્ષી શિક્ષણ આપ્યા બાદ સુકો/ભીનો કચરો અલગ-અલગ આપનાવી વ્યવસ્થા બાબતે સમજણ આપ્યા બાદ મીટીંગમાં હાજર રહેલ તમામ સભ્યો પાસે તે અંગેનાં શપથ લેવડાવ્યા બાદ આ ટીમ તથા ઝુંપડાવાસીઓની સહકારથી સદર સ્લમ વિસ્તારમાં ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી કચરો-કચરા મિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવી જંતુનાશક પાઉડરનો છંટકાવ કરાવ્યા બાદ સુકા/ભીના કચરા માટેની વધુ જાણકારી દર્શાવતા પેમ્ફલેટની વહેંચણી સ્લમ વિસ્તારોનાં ઘરે ઘરે પહોંચડાવામાં આવેલ હતા.

| સ્લમ વિસ્તાર | સુપરવાઈઝર | કામદાર | સફાઈ ઝુંબેશમાં ભાગ લેનાર સ્વયં સેવકો, નાગરીકો | શપથ લેનાર નાગરીકો | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| ૩૩ | ૩૧ | ૨૧૬ | ૧૨૭ | ૧૧૮૬ | ૨.૨૯૫ | ૧૩૨૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

:::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0453
તા.૧૮/૦૮/૨૦૧૭
સુરત મહાનગરપાલિકા [illegible]

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૧/૦૮/૨૦૧૭ થી તા.૧૭/૦૮/૨૦૧૭ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૨૯૪ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૧૧ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૭૫ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૧ |
| ૫ | માયનોર ઓપરેશન | ૦૭ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૨૪ |

૪૫૫

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનમાં એડી.સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ અને માર્ગદર્શન હેઠળ આજે તા.૧૯/૦૮/૨૦૧૭ ના રોજ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૭, નોંધ નં.૧૩૯૩ થી ૧૩૯૫, ઘાસ્તીપુરા, ખાન સાહેબનું ભાથુ વિસ્તારમાં ડી.પી.રોડમાં બનાવેલ કુલ–૦૩ મકાનો / ઝુંપડાના આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરી રસ્તાની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

# ડ્રાય ડે

## <u>સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **<u>તા.૧૯/૦૮/૧૭</u>** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–<u>સેન્ટ્રલઝોનમાં</u> રાજાવાડી, મસાલચીવાડ, રાહતમહોલ્લો, પાર્શ્વનાથનગર,ગાયત્રીનગર,કૈલાશનગર ૧,૨,૩,શાંતીનગર, દેરાણી–જેઠાણીની લાઈન,મહાદેવનગર,મધુરમિલન , હલીમશાબાવા ટેકરો,અકબર સઈદ ટેકરો,ગોપીતળાવ જેવા વિસ્તારોમાં <u>રાંદેર ઝોનમાં</u> સાંઈઆશિષ સોસાયટી, તાડવાડી, એસ.એમ.સી.આવાસ, ક્રોમાની પાછળ, ઠાકોર ધ્વાર વિ–૨, પ્રશાંતનગર વિ–૧, શારદાનગર.જેવા વિસ્તારોમાં,ઉધના ઝોન જેવા વિસ્તારોમાં <u>લિંબાયત ઝોનમાં</u> મહાપ્રભુનગર સર્વે નં–૧૯/૨૦, રતનજી નગર,જયનારાયણ ઈન્ડ્રસ્ટીજ,ગાંધીનગર,ચીમની ટેકરા ,આર ડી નગર,દીપાલી પાક,ગાયત્રીનગર૧–૨, કેશવનગર, ઋષીનગર નીલકંઠનગર જેવા વિસ્તારોમાં, <u>અઠવા ઝોનમાં</u> પોલીસ લાઈન અઠવાલાઈન્સ, પ્રજ્ઞાનગર, ઈ.ડબલ્યુ.એસ. પાણીની ટાંકી, બાંગ્લાદેશ મહોલ્લો,અંબાનગર,ખજોદગામ,બાપુનગર મગદલ્લા.જેવા વિસ્તારોમાં, <u>કતારગામ ઝોનમાં</u> બહુચરનગર, નાસીરનગર, પાલીયા ગ્રાઉન્ડ,ઈટવાલાની ચાલ,મીલિન્દ નગર,નિલકંઠ સો.,પંચવટી સો.,એચ–૧ આવાસ જેવા વિસ્તારોમાં <u>વરાછા ઝોનમાં</u> ઈ.ડબલ્યુ.એસ. આવાસ, મોહનકાકાની ચાલ, ખાડી મહોલ્લો, રાણાપંચની વાડી, તાસની વાડી, શ્રીરામનગર, દિનદયાળનગર, કૃષ્ણનગર, રવિપાર્ક ઝું, ટાંકીપાળ ઝું, દશેરા ટેકરી, ઉપલી કોલોની, ગીરનાર સ્લમ, વલ્લભનગર,ક્રિષ્નાનગર, સરદારનગર, સૂર્યનગર, સંતદેવીદાસ સો., સરિતા વિહાર સો., શાંતિવન સો–૧, સરસ્વતી સો., ભૂમિપાર્ક સો.,માનસરોવર સો., સરથાણા ગામતળ, રામેશ્વર એપા.જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નો ટિ સ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **35816** | **81361** | **540** | **4819** | **1140** | **2683** | **170** | **111900** | **101** | **28666** | **17385** |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# —: પ્રેસનોટ :—

**<u>સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ</u>**

**ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૧૯/૦૮/૨૦૧૭ ના રોજ કડીવાલા શહેરી આરોગ્ય કેન્દ્ર રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલમાં, રૂસ્તમપુરા સુરત ખાતેથી દિપ પ્રાગટય કરી કેમ્પનો આરંભ કરવામાં આવ્યો હતો.**

**આ પ્રસંગમાં ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી સાહેબ, આરોગ્ય સમિતિ અધ્યક્ષ શ્રી અનીલભાઈ બિસ્કીટવાલા, રૂગ્ણાલય સમિતિ અધ્યક્ષ ડો.રમણભાઈ પરમાર, લાઈટ એન્ડ ફાયર સમિતિ અધ્યક્ષ શ્રી પીયુષ જરીવાલા (શિવ શકિતવાલા), સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતિ રૂપલબેન શાહ, ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈ, ઝોનલ ચીફ (સેન્ટ્રલ ઝોન) શ્રી ડી.સી.ગાંધી, મ્યુ. સદસ્ય શ્રીમતિ આરતીબેન પટેલ, શ્રીમતિ હેમલતાબેન રાણા, શ્રીમતિ રૂપલબેન શાહ, શ્રીમતિ કિશોરીબેન કાપડીયા, શ્રીમતિ રેશ્માબેન લાપસીવાલા, કુ. નેન્સી સુમરા, નાયબ આરોગ્ય અધિકારી (સેન્ટ્રલ ઝોન) ડો.મહેન્દ્ર પટેલ, ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારી ડો.ચેતન ચોકસી, આસી.જંતુનાશક અધિકારીશ્રી રાજેશ પરમાર તથા સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત તેમજ કડીવાલા, લખપતિ શહેરી આરોગ્ય કેન્દ્રનાં મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ. વિભાગના અધિકારી /કર્મચારીઓ હાજર રહયા હતા.**

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પમાં કડીવાલા શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૭૩૩ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં ફિઝીશીયન દ્વારા ૧૪૮, સર્જન દ્વારા ૬૨, બાળરોગ નિષ્ણાંત દ્વારા ૧૦૮, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૧૧૭, ચામડીના નિષ્ણાંત દ્વારા ૧૭૫, આંખના નિષ્ણાંત દ્વારા ૧૦૧, મેડીકલ ઓફીસર દ્વારા ૨૨ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૨૪ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૭૦ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૩૯ દર્દીઓને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય, પાણી સંલગ્ન તથા સ્વાઈનફલૂ રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપતી જુદાં–જુદાં રોગ અંગેની ૩૫૦૦ પ્રચાર પત્રિકા,૧૫૦ કલોરિન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૨૫૦, ઓરલ પીલ્સ ૨૭ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૧૦૦૦ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

**<u>નોંધ :–</u>** આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન **તા.૨૬/૦૮/૨૦૧૭ ઉત્રાણ શહેરી આરોગ્ય કેન્દ્ર** ખાતે રાખવામાં આવેલ છે તો આ વિસ્તારની જાહેર જનતાને મહત્તમ લાભ લેવા વિનંતી છે.




તા.૧૯/૦૮/૨૦૧૭ ના રોજ કડીવાલા શહેરી આરોગ્ય કેન્દ્ર રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલમાં, સુરત. ખાતે દિપ પ્રાગટ્ય કરી ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી, આરોગ્ય સમિતિ અધ્યક્ષ શ્રી અનીલભાઈ બિસ્કીટવાલા, રૂગ્ણાલય સમિતિ અધ્યક્ષ ડો. રમણભાઈ પરમાર, લાઈટ એન્ડ ફાયર સમિતિ અધ્યક્ષ શ્રી પીયુષ જરીવાલા (શિવ શક્તિવાલા), સમાજ કલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતિ રૂપલ શાહ, ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈ, મ્યુ. સદસ્ય શ્રીમતિ રેશ્મા લાપસીવાલા, શ્રીમતિ કિશોરીબેન કાપડીયા, શ્રીમતિ આરતીબેન પટેલ, કુ. નેન્સી સુમરા દશ્યમાન છે.

# **પ્રે સ નો ટ**

સવિનય, તા.૧૨/૦૮/૨૦૧૭ના રોજ ટેલીફોનીક ફરિયાદના અનુસંધાનમાં અત્રેના ફુડ સેફટી ઓફીસરશ્રી એસ.સી. દેસાઈ ધ્વારા ડેરી વર્લ્ડ ઠે. કાંસકીવાડ, સુરત ખાતે તપાસ કરી દહીં, સાદો શીખંડ તથા ઈલાયચી મઠોના નમુના લઈ નોટીસ આપવામાં આવેલ છે જે પૃથ્થકરણ સારૂં પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવામાં આવેલ છે. જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# –:: પ્રેસનોટ ::–

તા.૧૯–૦૮–૨૦૧૭ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતી સંસ્થાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | જપ્ત કરવામાં આવેલ તમામ તમાકુ પ્રોડકટસની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૨૫ | ૧૪ | ૩૯ | ૨૮૦૦/- |
| વરાછા | ૯૫ | ૫૬ | ૨૦૨ | ૧૧૨૦૦/- |
| રાંદેર | ૨૫ | ૨૫ | ૧૦૫ | ૫૦૦૦/- |
| કતારગામ | ૧૫ | ૧૫ | ૮૦ | ૩૦૦૦/- |
| ઉધના | ૩૪ | ૧૧ | ૧૧૯ | ૨૨૦૦/- |
| લિંબાયત | ૧૯ | ૧૯ | ૨૦૭ | ૩૮૦૦/- |
| અઠવા | ૫૮ | ૧૯ | ૨૦૦ | ૩૮૦૦/- |
| કુલ | ૨૭૧ | ૧૫૯ | ૯૫૨ | ૩૧૮૦૦/- |